રે.દી.કે નં.૫૬/૨૦૧૬

આંક–૧ નીચે હુકમ

વાદી એ હાલનો દાવો સને ૨૦૧૬ ની સાલમા નડીયાદ મુકામે દાખલ કરેલ ત્યારબાદ કોર્ટની નાણાકીય હકુમતમા ફેરફાર થતા દાવો હાલની કોર્ટમા ટ્રાન્સફર થયેલ છે. દાવો ૯ વર્ષ જુનો છે અને લાબા સમયથી વાદીના પુરાવા પર છે. વાદીએ પુરાવાનુ સોગંધનામુ પણ રજુ રાખેલ છે અને તેમની ઉલટતપાસ પણ પુરી થયેલ છે. પરંતુ વાદી હાજર રહી તેમનો કેસ આગળ ચલાવતા નથી અને કેસ વાદીના વધુ પુરાવા પર લંબાઈ છે. ગઈ મુદતે પણ વાદી કોઈ પણ યોગ્ય કારણ વગર હાજર રહેલ નહી અને આજરોજ વાદીને હાજર રાખવાની શરતે મુદત આપવામા આવેલ પરંતુ આજરોજ પણ વાદીએ મુદત અરજી આપેલ હોય જેમા વાદીની તબીચત નાદુરસ્ત હોય તેવુ કારણ જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ મેડીકલ રીપોર્ટ રજુ રાખેલ નથી. વાદીને તેમના પુરાવાનુ સ્ટેજ પુરુ કરવા માટે પુરતી તક આપવામા આવેલ છે. તેમજ વાદીનો પુરાવાનો હક એક વાર બંધ કરવામા આવેલ છે અને ખર્ચ ના હુકમ સાથે પુરાવાનો હક ખોલી આપવા છતા વાદી તેમના પુરાવાનુ સ્ટેજ પુર્ણ કરતા નથી કે પુરાવો રજુ રાખતા નથી કે પુરાવા બંધની પુરસીજ આપતા નથી. આમ વાદીની સદરહુ વર્તણુક ધ્યાને લઈ વાદીનો મુદત રીપોર્ટ રદ કરવામા આવેલ છે. આમ વાદી તેમના પુરાવાનુ સ્ટેજ ૯ વર્ષ જુના દાવામા ખર્ચ નો હુકમ કરવા છતા પુરુ કરતા ના હોય તેમજ જો હવે વાદીને ખર્ચ નો હુકમ કરી વાદીની અરજી મંજુર કરવામા આવે તો ન્યાયનો સમય પૈસાના જોરે ખરીદ કરી શકાય તેવો એક ખોટો સંદેશ સમાજ મા પસાર થતો હોય તેમ જણાય છે. તેથી હાલના કેસમા સી.પી.સી ઓર્ડર ૧૭ રુલ ૩ વંચાણે લેવો જરુરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે.

**3. Court may proceed notwithstanding either party fails to produce evidence, etc.. -**

Where any party to a suit to whom time has been granted fails to produce his evidence, or to cause the attendance of his witnesses, or to perform any other act necessary to the further progress of the suit, for which time has been allowed, [the Court may, notwithstanding such default,-

(a) if the parties are present, proceed to decide the suit forthwith, or

(b) if the parties are, or any of them is, absent, proceed under rule 2].

આમ ઉપરોકત જોગવાઈ મુજબ જયારે કોઈ પણ પક્ષકારને તેમનો પુરાવો રજુ કરવા માટે પુરતો સમય આપવામા આવે તેમ છતા જો તે પક્ષકાર તરફથી હાલના કેસમા વાદી તરફથી હાજર રહી પુરાવો રજુ ના કરે તો કોર્ટ પાસે બે વીકલ્પ રહે છે (૧) કોર્ટ કેસનો ગુણવતા પર નીકાલ કરી શકે છે અથવા (ર) પક્ષકાર ગેર હાજર હોય તો સી.પી.સી. ઓર્ડર ૧૭ રુલ ર મુજબની કાર્યવાહી કરી શકે છે એટલે કે કોર્ટ વાદીની ગેર હાજરી સબબ કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી શકે છે. હાલના કેસમા વાદી હાજર નથી તેમજ વાદીની ગેર હાજરી સબબ નુ કારણ દર્શાવતો રીપોર્ટ પણ રદ કરવામા આવેલ હોય તેમજ વાદીએ પુરતો પુરાવો રજુ રાખેલ ના હોય તેથી કેસને તેના મેરીટ પર નીર્ણય કરવાના બદલે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવો ઉચીત જણાતુ હોય આથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુ ક મ

વાદીનો દાવો વાદીના કસુર અર્થે સી.પી.સી. ઓ.૧૭, રૂલ–૩(બી) તથા ઓ.૯ રુલ ૮ મુજબ ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૦૨/૨૦૨૫.

સ્થળ : મહેમદાવાદ

(વિશાલ યોગેશભાઈ ત્રિવેદી)
એડી. સીવીલ જજ, મહેમદાવાદ
(Judge CodeGJ01287)